દિવ્ય ભાસ્કર, પાના નંબર - 02
તારીખ :- 22/02/2021

### પ્રદૂષણ ઘટાડવા એરપોર્ટ-ગિફ્ટ સિટીને જોડતી 4 નવી મેટ્રો લાઈન બનાવવા પ્રસ્તાવ

# બહારથી આવનારે શહેરમાં પ્રવેશવા માટે AMTS, મેટ્રોનો જ ઉપયોગ કરવો પડશે

ઇન્ફ્રા રિપોર્ટર | અમદાવાદ

અમદાવાદમાં આયોજિત 'મોબિલિટી એક્ઝિબિશન'માં શહેરી વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું કે,આગામી વર્ષોમાં અમદાવાદમાં સેકન્ડ રિંગ રોડ, લૉજિસ્ટિક પાર્ક, સાબરમતી રિવરફ્રન્ટનું વિસ્તરણ અમદાવાદને લિવેબલ સિટી બનાવશે. રિંગ રોડ પર ટ્રાફિક ઘટાડવા કનેક્ટ વાહનોનો ઉફયોગ અને મેટ્રો સ્ટેશન પર પાર્કિંગની સુવિધા ઉભી કરવા પર ભાર મુક્યો હતો. અગ્રસચિવ એમ. થેન્નારસને જણાવ્યું કે, ઓલિમ્પિક બિડિંગને ધ્યાને રાખી હવા શુદ્ધ કરવા એરપોર્ટ-ગિફ્ટ સિટી વચ્ચે 4 નવી મેટ્રો લાઈનનો પ્રસ્તાવ છે.

મ્યુનિ. કમિશનરે ઉમેર્યું કે, સાણંદ અને કલોલ જેવા સેટેલાઈટ ટાઉન્સને રીજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમથી જોડાશે. બહારથી આવતા વાહનોને શહેરની સરહદે અટકાવી, મુસાફરો માટે મેટ્રો, એએમટીએસ કે BRTS દ્વારા શહેરમાં પ્રવેશવાની સુવિધા ઊભી કરાશે. અન્ય મેટ્રોસિટીની જેમ પ્લાનથી પરિવહન સેવા ચાલશે તો ટ્રાફિકની સમસ્યા ઘટાડી શકાશે.

**ભાસ્કર નોલેજ**

### રોજ સરેરાશ 1.32 લાખ વાહનો શહેરમાં આવે છે

સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના અભ્યાસ મુજબ 4 વર્ષમાં અમદાવાદના તમામ મોટા ટ્રાફિક જંક્શનો પર વાહનોની સંખ્યામાં 15થી 20 ટકાનો વધારો થયો છે, જેમાં 18 મોટા જંક્શનો પર પ્રતિ કલાક સરેરાશ 10 હજાર વાહન પસાર થાય છે. રોજ સરેરાશ 1.32 લાખ વાહન અન્ય જિલ્લા કે તાલુકામાંથી શહેરમાં આવે છે.